C.C. No. 3880 - 2023

**GJVD020048112023**

## ૭ માં એડી. સિવીલ જજ અને જયુ.મેજી. ફ.ક., વડોદરા

**ફરીયાદી :–** **શ્રી સરકાર**

વિ.

**આરોપી :–** **ગણેશ સુરેશભાઈ જગદાલે**

**<u>આંક–૧ લગત હુકમ</u>**

સદર કામે આરોપી સામે પ્રોહી એકટની કલમ **૬૬ (૧)(બી),** મુજબનું ચાર્જશીટ આ કામે રજુ કરવામાં આવેલ છે. આરોપીને સમન્સ કરતા આજરોજ આરોપી હાજર રહેલ છે. આંક– ૪ થી ચાર્જફ્રેમ કરેલ છે અને આંક– ૫ થી પ્લી લેતાં આરોપીએ તેઓની સામેનો ગુનો કબુલ છે તેવું નિવેદન આપેલ છે. વધુમાં આંક– ૬ થી તેઓની સામનો ગુનાની કબુલાત પુરસીસ રજુ કરેલ છે. આજરોજ સ્પે. સીટીંગના પાવર્સ આ કોર્ટને આપવામાં આવેલ છે. આરોપીને ગુન્હા બાબતે આરોપી પોતાની મરજી અને સ્વેચ્છાએ સદર ગુનો કબુલ કરવાનું જણાવે છે અને તે બાબતે તેઓએ પોતાની ગુના કબુલાત પુરસીસ પણ આ કામે રજુ રાખેલ છે તેની વિગતો વંચાણે લેતાં આરોપી સ્વૈચ્છીક કબુલાત કરતા હોવાનું ફલીત થાય છે. આરોપીને આઇડેન્ટીફાઇ કરવામાં આવેલ છે. આરોપી સામેનું ચાર્જશીટ જોતા આરોપીનો કોઇ ગુનાહીત ઈતીહાસ હોવાનું ફલીત થતું નથી. કેસના સંજોગો આરોપીની કેફીયત અને તેની કૌટુંબીક જવાબદારને ધ્યાને લેતા તથા તે સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોઇ તે તમામ હકીકતને ધ્યાને લેતા અને આ કામે ગુનાની ગંભીરતા અને કાયદામાં ફરમાવેલ ગુનાની સજાની જોગવાઇ ને ધ્યાને લેતાં ન્યુનતમ સજા બાબતની જોગવાઇ કરવામાં આવેલ છે. પરંતુ તે તમામ હકીકતની સાથે સાથે આરોપીની વર્તણુંક અને તેની સામે અન્ય કોઇ ગુના નોંધાયેલા હોય તેવો હાલ કોઇ પુરાવો આ કામે ચાર્જશીટ સાથે રજુ રાખેલ ન હોય તે તમામ હકીકત અને આરોપીની આર્થિક તેમજ કૌટુંબીક પરિસ્થિતિ અને જવાબદારીને ધ્યાને લેતાં તેમજ નામદાર વડી અદાલતના નટવર હરચંદ વિ. સ્ટેટના ચુકદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ને ધ્યાને લેતા કોર્ટ કેસના સંજોગો અને આરોપીની સ્થિતિને ધ્યાને લઇ ન્યુનતમ સજા કરતા પણ ઓછી સજા કેસમાં લાગુ પાડી શકાય તેમ હોવાનું આ કોર્ટનું માનવું હોઇ આરોપીને કાયદામાં ફરમાવેલ ન્યુનતમ સજાને બદલે ઓછી સજા કરી શકવાને સક્ષમ છે તેવા નામદાર વડી અદાલતના અવલોકનને ધ્યાને લેતાં અને હાથ પરના કેસના સંજોગો જોતાં તે આ કેસમાં લાગુ પાડી શકાય તેમ હોવાનું આ કોર્ટનું માનવુ હોઇ આરોપીને કાયદામાં ફરમાવેલ ન્યુનતમ સજાને બદલે ઓછી સજા કરવામાં આવે તો યોગ્ય અને ન્યાયોચીત જણાશે તેવું આ કોર્ટનું માનવું હોઇ ન્યાયના હિતને ધ્યાને લેતા નીચે મુજબના આખરી હુકમ ફરમાવું છું.

**: : હુ ક મ : :**

આરોપીને મજકુર ગુના સબબ સી.આર.પી.સી. કલમ ર૪૧ અન્વયે તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને **રૂા.૧૦૦/– (અંકે રૂપીયા સો પુરા)** ભરપાઇ કરવાનો હુકમ ફરમાવું છું. જો આરોપી દંડની રકમ ભરવામાં ઈન્કાર કરે તો વધુ દિન–૩ ની સાદી કેદની સજાનો હુકમ ફરમાવું છું.

મુદ્દામાલનો અગાઉ જો કોઇ વચગાળાના તબકકે હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અન્યથા મુદ્દામાલ વાહન/મોબાઇલની ઈન્કવાયરી કરવી અને તેની માલિકી અંગેની ખરાઇ કરી તેના માલિકને પરત કરવો અને મુદ્દામાલ પૈકી પ્રોહીબીટેડ મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ : ૧૧, માહે– ફેબ્રુઆરી, સને – ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૨/૨૦૨૩
વડોદરા.

**(સી.કે. નાયક)**
૦૭માં એડી.જયુ.મેજી.ફ.ક.
વડોદરા.
**કોડ નં.જીજે.૦૧૫૮૨**